હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તારા ભવિષ્યનાં ચક્કરમાં મારે મારુ ભવિષ્ય ખરાબ નથી કરવું... જા માસ્ક પહેરીને પછી આવજે...!!

સિવિલના આઈસીયુ વોર્ડમાં જ કોરોનાના દર્દીઓ

હોસ્પિટલના તમામ વોર્ડ દર્દીઓ ન હોવાથી બંધ કરાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર કોવીડ હોસ્પિટલના તમામ વોર્ડ બંધ કરી દેવામાં આવ્યા છે. વોર્ડમાં દર્દીઓ ન હોવાથી સિવિલ તંત્રએ વોર્ડને તાળા મારી દીધા છે. જયારે ત્રીજા માળે સ્થિત આઈસીયુ વોર્ડમાં જ કોરોનાગ્રસ્ત ૩૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે હાલના સમયે કોવીડના કેસ ઘટતા સિવિલ તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

વૈશ્વિક મહામારી કોરોનાએ પાટનગરને પણ અજગરી ભરડો લીધો હતો. પાટનગરમાં એક સમયે કોરોનાના કેસનો આંકડો પ્રતિદિન ૩૦૦ ને પાર કરી ગયો હતો. કોવીડ હોસ્પિટલના તમામ વોર્ડ હાઉસફુલ થઈ ગયા હતા. ૪૫૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ હતા. કોરોનાગ્રસ્ત ઓકિસજનની જરુરીયાતવાળા દર્દીઓની લાંબી લાઈનો લાગતી હતી. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં દર્દીઓને બેડ મળતા ન હતા. ઓકિસજનને અભાવે કેટલાક દર્દીઓએ દમ તોડ્યો છે. સિવિલ કેમ્પસ રાત દિવસ ધમધમતુ હતું. ડોકટર્સ અને સ્ટાફ સતત કામગીરી કરી રહ્યા હતા. દર્દીઓની સંખ્યા હાઉસફુલ થતા અને ઓકિસજનવાળા બેડની સંખ્યા ન હોવાથી દર્દીઓને એડમીટ પણ કરવામાં આવતા ન હતા. એક સમયે આ પ્રકારની સ્થિતિ હતી. ત્યારે હાલના સમયે કોવીડ હોસ્પિટલમાં વોર્ડમાં એક પણ દર્દી ન હોવાથી તંત્ર દ્વારા તમામ વોર્ડ બંધ કરી દેવામાં આવ્યા છે. જયારે ત્રીજા માળે આવેલા આઈસીયુમાં કોરોનાગ્રસ્ત ૩૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. કોરોનાના દર્દીઓ ઘટતા તંત્રને પણ હાશકારો થયો છે. જયારે કોવીડ દર્દીઓ ન હોવાથી સિવિલ તંત્ર દ્વારા નોન કોવીડ દર્દીઓને પણ સારવારનો લાભ મળી રહેશે. જયારે કોરોનાના દર્દીઓથી ૧ થી ૮ માળ ઉભરાતા હતા. તેના સ્થાને હાલના સમયે દર્દીઓ વિના વોર્ડ ખાલીખમ લાગી રહ્યા છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ તરીકે ગુણવંતસિંહ ચાવડાએ આજે વિધિવત્ ચાર્જ સંભાળી લીધો છે.
- ૫મી જૂનના રોજ જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની બેઠક મળશે.
- ૮મી જૂનના રોજ પંચાયત પરિષદની બેઠક ગાંધીનગર ખાતે મળશે.
- ગાંધીનગર જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ અનિલભાઈ પટેલે આજે ચાર્જ સંભાળ્યો તે કાર્યવાહીમાં ૬૦૦ થી વધુ કાર્યકરો ઓનલાઈનથી જોડાઈ અને વર્ચ્યુલ હાજરી આપી હતી.
- સે. ૨૧ ખાતે યોજાયેલા ભાજપના અભિનંદન સમારોહમાં આવેલા કાર્યકર્તાઓને દહીંવડાનો અલ્પાહાર અપાયો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીમાં આજે સભ્યોની આવન-જાવન વધારે જોવા મળી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૯૬૧ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ૩૮૬૬ ૧૮+ના યુવાઓ અને ૪૧૪ ૪૫+ લોકો મળી ૪૨૦૦થી વધુને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

પેથાપુર ખાતે જુગાર રમતા ૭ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ખાતે બોરકુવા પર ચાલતા જુગારધામ પર પોલીસ ત્રાટકતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે જુગાર રમતા ૭ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી, દાવ, મોબાઈલ, અને વાહનો સહિત મળીને કુલ રૂ.૨ લાખની વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે બાતમી મળી હતી કે પેથાપુર ગામની સીમમાં વિજયસિંહ વાઘેલાના બોરકુવા પર કેટલાક જુગારીઓ જુગાર રમી રહ્યા છે. જેને પગલે તાત્કાલીક પોલીસ બાતમીવાળી જગ્યાએ પહોંચતા દોડધામ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી અજય ઘનશ્યામ બ્રહ્મભટ્ટ (રહે.જીઈબી કવાટર્સ સાબરમતિ અમદાવાદ), સલીમ અબ્દુલ મનસુરી (રહે.સે-૨૮ ચરેડી છાપરા), કેતુમન જગદીશભાઈ મોદી (રહે.રાયપુર અમદાવાદ), સુનિલ ઉર્ફે કિરીટ અર્જુનદાસ વાણીયા (રહે. ન્યુ જયભવાની નગર અમરાઈવાડી અમદાવાદ), સમીર દિલિપભાઈ બ્રહ્મભટ્ટ (રહે. શ્રમજીવી ફલેટ બાપુનગર) રજનીકાંત કાળુભાઈ પટેલ (રહે વણીરાજ સોસાયટી સાનિધ્ય પાર્ક નિકોલ) તેમજ રફીક ઈબ્રાહીમ સિપાઈ (રહે પેથાપુર તરપોજ વાસ) ને આબાદ રીતે પકડી પાડ્યા હતા. પકડાયેલામાંથી મોટાભાગના જુગારીઓ અમદાવાદના હતા. પોલીસે જુગારીઓ પાસેથી અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૫૩,૪૧૦ રોકડા, ૧૪ હજારની કિંમતના ૭ મોબાઈલ, રૂ.૧.૪૦ લાખના વાહનો અને જુગાર સાહિત્ય સહિત કુલ રૂ.૨ લાખથી વધુ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનું ગૌરવ

ચિલોડા, તા. ૩

ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના રમણભાઈ એમ. પટેલ (લવારપુર)ને અખિલ ભારતીય કુર્મિ ક્ષેત્રિય મહાસભાના

ગુજરાત પ્રદેશના સચિવપદે તથા સુધાબેન અશોકભાઈ પટેલ (ચિલોડા)ને સંસ્થાના મહિલા પ્રદેશ કન્વીનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિયુક્તિ બદલ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ તથા મહાનુભાવો દ્વારા તેમને સમાજનું ગૌરવ વધારવા સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન VYOના ૯ ઓક્સિજન પ્લાન્ટના લોકાર્પણ

વી.વાય.ઓ. એ ગુજરાતમાં ૭ કરોડના ખર્ચે ૨૯ ઓક્સિજન પ્લાન્ટ નિર્માણ કરી સમયની માંગ મુજબનું જન સેવાકાર્ય કર્યુ છે : ગૃહમંત્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર, તા. ૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા સ્થાપિત નવ ઓક્સિજન પ્લાન્ટનો વર્ચ્યુઅલ લોકાર્પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઈ-ઉપસ્થિતીમાં કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે સુદ્રઢ આયોજન, ધૈર્યતાથી સરકાર સાથે દેશ આખાએ કોરોના સંક્રમણ સામે સફળ લડાઈ લડીને દુનિયાને ઉદાહરણ પુરૂં પાડયું છે.

આ સંદર્ભમાં ગૃહમંત્રીએ કહ્યું કે છેલ્લા એક-દોઢ વર્ષથી દુનિયા આખી કોરોના સામે સંઘર્ષ કરે છે. કુદરતે ભારતની વિશેષ કસોટી આ સમયમાં બે-બે વાવાઝોડાથી કરી છે. આમ છતાં આ સંઘર્ષ સામે નેતૃત્વ શક્તિ, સેવા સંગઠનો અને જનસહયોગથી પ્રધાનમંત્રીના નેતૃત્વમાં આપણે સફળ થયા છીએ.

કેન્દ્રીય ગૃહમંત્રીએ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા રાજયમાં તિલકવાડા, સાગબારા, દસકોઈ, સોલા, કપડવંજ, કાલાવાડ, પોરબંદર, મહેસાણા અને ભાણવડમાં સ્થપાયેલા કુલ-૯ ઓક્સિજન પ્લાન્ટના વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યા હતા.

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૯ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરી કોરોનાની આ

બીજી લહેરમાં જન સેવાનું ઉમદા કાર્ય થયું છે એમ પણ અમિતભાઈએ ઉમેર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીએ એમ કહ્યું કે કોરોનાની બીજી લહેરમાં ઓક્સિજન એ સૌથી મોટી ચૂનૌતી આપણા માટે હતી. ઓક્સિજનની રોજિંદી જરૂરિયાત ૧ હજાર ટનથી વધીને ૧૦ હજાર મે.ટન થઈ ગઈ હતી.

આ ચેલેન્જને સ્વીકારી લઈને રાજયોએ પણ સહયોગ આપ્યો, કાયોજેનિક ટેંકર લગાવીને સરકારે ટ્રેન દ્વારા ઓક્સિજન દેશના રાજયોમાં મોકલ્યો અને ઓક્સિજનની ઘટ પડવા દીધી નથી.

અમિતભાઈ શાહે ઉમેર્યુ કે હવે આપણા સહિયારા પ્રયાસો, તબીબો, પેરામેડિકલ, વોરિયર્સ સૌના અવિરત યોગદાનથી કોરોનાની બીજી લહેર પર નિયંત્રણ લાવી શકાયું અને ઓક્સિજનની માંગ રોજના ૩૫૦૦ મે.ટન પર આવી ગઈ છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે કોરોના કાળમાં વી.વાય.ઓ. એ રાજયની સેવામાં ૨૯ ઓક્સિજન પ્લાન્ટ અર્પણ કરીને આ સેવા પરંપરા વધુ ઉજ્જવળ કરી છે.

તેમણે ઉમેર્યુ કે ગુજરાતે કોરોનાની પ્રથમ લહેરમાં સફળતાપૂર્વક સંક્રમણ નિયંત્રણ કર્યુ હતું બીજી લહેરને પણ એ જ આક્રમકતાથી નિયંત્રણમાં લાવ્યા છીયે. હવે તજજ્ઞો જ્યારે ત્રીજી લહેરની સંભાવના દર્શાવે છે ત્યારે એના માટે પણ ગુજરાત પૂર્ણતઃ સજ્જ છે.

આજથી શહેરના શોપિંગ બજારમાં સાંજ સુધી ધમધમાટ જોવા મળશે

ગાંધીનગર તા ૩

કોરોનાની બીજી ઘાતક લહેરનુ સંક્રમણ ઘટતા સરકાર હવે તબક્કાવાર વેપાર ધંધા માટે છુટછાટ આપી રહી છે. લાંબા સમયના અંતે શહેરના શોપિંગ બજારમા રોનક જોવા મળશે. અત્યાર સુધી બપોરે ૩ વાગ્યા સુધી વેપાર ધંધા માટે છુટછાટ આપવામાં આવી હતી. જયારે હવે સાંજના ૬ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રહેશે. આ ઉપરાંત હોટલ રેસ્ટોરન્ટમાંથી પણ ટેક અવે સર્વિસ રાત્રિના ૧૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. જેના લીધે બજારમાં પણ દિવસ દરમિયાન ધમધમાટ જોવા મળશે.

ગાંધીનગરમાં આજથી બજારમાં રોનક જોવા મળશે. લાંબા સમયના અંતે સરકારે વેપાર ધંધા માટે છુટછાટનો સમય વધારતા હવે સાંજે ૬ વાગ્યા સુધી બજારો ધમધમશે. કોરોનાના કપરા સમયમાં છેલ્લા બે મહીનાથી વેપાર ધંધા માટે આંશિક છુટછાટ જ આપવામાં આવી છે. અત્યાર સુધી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનુ જ પુરતા સમય માટે વેચાણ થતુ હતુ જયારે હવે કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા સરકારે પણ આકરા પ્રતિબંધો દુર કરી વેપાર ધંધાને વેગ આપવા માટે જરૂરી છુટછાટ આપી છે. તા ૪ જુનથી રાત્રિ કરફયુનો સમય યથાવત રાખવામાં આવ્યો છે. પરંતુ દુકાનો અત્યાર સુધી બપોરે ૩ વાગ્યા સુધી જ ખુલ્લી રાખવાની મંજુરી આપવામાં આવી હતી. જેનો સમય વધારીને હવે સાંજના ૬ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવા માટે છુટછાટ આપવામાં આવી છે. આ ઉપરાંત હોટલ રેસ્ટોરન્ટ માટે પણ રાત્રિના ૯ વાગ્યા સુધી ટેક અવે સર્વિસ ની છુટછાટ હતી જે વધારીને હવે રાત્રીના ૧૦ વાગ્યા સુધીનો સમય કરી દેવાયો છે. જેથી હોટલ અને રેસ્ટોરન્ટ પણ હવેથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી સર્વિસ પુરી પાડી શકશે. જયારે રાત્રિ કરફયુના સમયમાં હમણાં કોઈ ફેરફાર કરાયો નથી . રાત્રિના ૯ થી સવારના ૬ વાગ્યા સુધી કરફયુનો અમલ ચાલુ રહેશે.કોરોનાની બીજી ઘાતક લહેરમાં સંક્રમણ ઘટાડવા માટે સરકારે આંશિક છુટછાટ આપી હતી જયારે ધીમે ધીમે પરિસ્થિતિ હળવી થતા હવે તબક્કાવાર વેપાર ધંધામાં વિશેષ છુટ આપવાની પણ શરૂઆત કરી દેવામાં આવી છે.

વોર્ડ નં-૯ ખાતે ૧૦૮ તુલસીઓના રોપાઓનું વાવેતર

વિશ્વ પર્યાવરણ દિવસના ઉપક્રમે ઉર્જા રેન્જ કચેરી ખાતે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં.-૯ ના બીજેપીના ઉમેદવાર ડો.સંકેત પંચાસરા અને શૈલાબેન ત્રિવેદી ની ઉપસ્થિતિમાં તુલસી વનનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૮ તુલસીના રોપાઓનું વાવેતર તમામ રેન્જના અધિકારી-સ્ટાફના કર્મચારીઓની હાજરીમાં સંપન્ન થયું હતું.

શહેરનો વિદ્યાર્થી યુગલ ભારદ્વાજ એકસાથે ત્રણ આઈઆઈએમમાં પસંદગી પામ્યો

ગત નવેમ્બરમાં આપેલી 'કેટ'ની પરીક્ષામાં ૯૫.૧૧ પર્સેંટાઈલ પ્રાપ્ત કર્યા : આઈઆઈએમ-રોહતક, આઈઆઈએમ-રાંચી અને આઈઆઈએમ-ટ્રિચીએ કોલ લેટર મોકલ્યાં

ગાંધીનગર, તા.૩

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એટલે કે આઈઆઈએમનું નામ સાંભળતા જ એક ખુબ પ્રતિષ્ઠાજનક સંસ્થા નજર સમક્ષ તરી આવે છે જેમાં અભ્યાસ કરવો તે મૅનેજમૅન્ટના દરેક વિદ્યાર્થીનું સ્વપ્ન હોય છે જ્યાં વિદ્યાર્થી એક આઈઆઈએમમાં પ્રવેશ માટે દિવસ-રાત મહેનત કરતાં હોય છે પરંતુ તે સ્વપ્ન માત્ર કેટલાક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું જ પરિપૂર્ણ થતું હોય છે. ગાંધીનગરના યુગલ ભારદ્વાજ નામના એક પ્રતિભાશાળી યુવા વિદ્યાર્થીએ એક કે બે નહીં પરંતુ ત્રણ ત્રણ આઈઆઈએમમાં પસંદગી પામી શહેરને ગૌરવ અપાવ્યું છે.

ગાંધીનગરના યુવાન યુગલ ભારદ્વાજની એમ.બી.એ.ના અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા આઈઆઈએમમાં પસંદગી થઈ છે. ગર્વની બાબત એ છે કે એક નહીં, બે નહીં પણ એકસાથે ત્રણ-ત્રણ આઈ.આઈ.એમ.માં પસંદગી પામ્યો છે જેમાં આઈઆઈએમ-રોહતક, આઈઆઈએમ-રાંચી અને આઈઆઈએમ-ટ્રિચી (તિરુચિરાપલ્લી)નો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે આઈઆઈએમ સહિત ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ માટે દર વર્ષે લેવામાં આવનાર સીએટી (કેટ) જેવી ઉચ્ચ સ્તરની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગાંધીનગરના યુગલ ભારદ્વાજે ૯૫.૧૧ પર્સેંટાઈલ પ્રાપ્ત કર્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર કેટની પરીક્ષા ભારતભરમાં ગત નવેમ્બર માસમાં લગભગ ૪૦૦થી પણ વધુ સેન્ટર ઉપર આયોજિત કરવામાં આવી હતી જેમાં અંદાજે ૨ લાખથી પણ વધારે વિદ્યાર્થીઓએ સામેલ થયાં હતા જેના પરિણામને આધારે યુગલને કુલ ૨૦ પૈકી ૧૦ આઈઆઈએમમાંથી ઈન્ટરવ્યૂ માટે કોલ લેટર આવ્યા હતા કે જેમાં આઈઆઈએમ રોહતક, ઉદયપુર, રાંચી, કાશીપુર, ત્રિચી સહિત અન્ય પાંચ આઈઆઈએમનો સમાવેશ થાય છે. આ પૈકી એમણે ત્રણ આઈઆઈએમમાં પસંદગી પ્રાપ્ત કરી છે. કોવિડની પરિસ્થિતી હોવાથી પ્રવેશ પ્રક્રિયામાં થોડો ફેરફાર થયો હતો અને આ વખતે સિલેક્ટ થયેલા વિદ્યાર્થીઓના ઓનલાઈન ઈન્ટરવ્યૂ લેવાયા હતાં. આ સિદ્ધિ પર એના માર્ગદર્શક યુનીકોર્ન એજયુવેંચર્સના મેનેજિંગ ડાયરેક્ટર હાર્દિક પરિખનું કહેવું છે કે કોઈ પણ વિદ્યાર્થી જો પોતાનો ધ્યેય નક્કી કરી લે અને તેના માટે સખત અને સતત મહેનત કરે તો તે કોઈ પણ ધ્યેય સાધી શકે છે. ગાંધીનગરના વિદ્યાર્થી યુગલ ભારદ્વાજે "કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી" કહેવત સાર્થક કરી છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે.

યુગલને ઇન્ટરનેશનલ બિઝનેસમાં રસ

યુગલ ભારદ્વાજે ૯૫.૧૧ પર્સેંટાઈલ પ્રાપ્ત કરી મેદાન માર્યુ છે. યુગલ ભારદ્વાજના જણાવ્યા અનુસાર એમનુ સપનું હતું કે તે ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ આઈઆઈએમમાંથી એમબીએનો અભ્યાસ કરવા અને તે માટે લેવામાં આવતી કેટની પરીક્ષા માટેની તૈયારી દોઢ વર્ષ પૂર્વે શરૂ કરી દીધી હતી. એમણે આ પરીક્ષા માટે યોગ્ય અને સચોટ માર્ગદર્શન જરૂરી સાથે સતત મેહનત કરવી ખૂબ જરૂરી હોવાનું જણાવ્યું હતુ. યુગલના શિક્ષિકા માતા તેમજ પિતાએ પણ ખૂબ ગર્વની લાગણી અનુભવી હતી. યુગલને ઈન્ટરનેશનલ બિઝનેસમાં રસ છે અને તે ક્ષેત્રમાં આગળ વધવા માંગે છે.

યુએનએચએસ સાંભળવાની ક્ષતિ અને નવજાત શિશુમાં પ્રારંભિક મધ્યસ્થીને યોગ્ય રીતે ઓળખવા માટે મુખ્ય છે : ડો. નીરજ સુરી

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) દ્વારા જણાવ્યા અનુસાર ૪૩૦ મિલિયન લોકોએ સાંભળવાની ક્ષતિનો અનુભવ કરે છે, ૨૦૫૦ સુધીમાં આ આંકડો વધીને લગભગ ૭૦૦ મિલિયને પહોંચવાનો અંદાજ છે. સ્પષ્ટ સાંભળવાની ખોટથી ભાષાના વિકાસમાં અટકાવવું, કમ્યુનિકેશન, સમજશક્તિ અને શિક્ષણનો મર્યાદિત એક્સેસ, રોજગારી તથા સામાજિક પ્રતિક્રિયા નોંધપાત્ર પડકાર છે. સાંભળવામાં ક્ષતિની બાબતને એક 'અદ્રશ્ય અપંગતા' તરીકે ઓળખવામાં આવે છે, કેમ કે તેના લક્ષણો જોઈ નથી શકાતા, તેથી સમાજમાં લાંબા ગાળાથી તેને નકામું ગણવામાં આવે છે.

સાંભળવાની ક્ષતિ અને કાનના રોગની વહેલાસરની ઓળખ એ તેના અસરકારક મેનેજમેન્ટ માટે સૌથી વધુ મહત્વનું છે. આના માટે સાંભળવાની ક્ષતિ અને તેના સંબંધિત મુશ્કેલીની તપાસ માટે પદ્ધતિસરનું સ્ક્રિનિંગ જરૂરી છે. વહેલા નિદાન અને હિયરિંગ ટેકનોલોજીના મહત્વ અંગે જણાવતા, ડો. નીરજ સુરી, એસોશિયેટ પ્રોફેસર અને ઈએનટી સર્જન, જીએમઈઆરએસ, મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, ગાંધીનગર જણાવે છે, "યુનિવર્સલ ન્યુબોર્ન હિયરિંગ સ્ક્રિનિંગ (યુએનએચએસ) પ્રોગ્રામનો રાષ્ટ્રવ્યાપી અમલ કરાવવો જરૂરી છે, કેમકે તેનાથી તાજા જન્મેલા બાળકોમાં જો સાંભળવાની ક્ષતિ હોય તો વહેલા તપાસ થઈ જાય છે અને શરૂઆતથી જ નિદાનની ખાતરી થઈ જાય છે. યુએનએચએસની સાથે વ્હેલા નિદાન દ્વારા યોગ્ય પગલા લેવાથી ૬ મહિના જેટલા નાના બાળક માટે યોગ્ય ગણી શકાય. જો કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરીની જરૂરિયાત હોય તો, સ્ક્રીનિંગ જેવો પ્રોગ્રામ પણ તેને મદદ કરી શકે છે, જે સાંભળવાની ક્ષતિમાં એક સલામત અને જીવન બદલી નાખતો વિકલ્પ છે, અને જે બાળક માટે લાભદાયી છે. મેં ૧૦૦૦ જેટલી કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરી છે અને સર્જરી સમયે સૌથી નાનો બાળક ૮ મહિનાનો હતો. નિર્ણાયક સમયને ન ગુમાવીને તેનું મહત્વ સમજીને, જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, ગાંધીનગરમાં કોવિડ ચેપની ન લાગે તે રીતે યોગ્ય સાવચેતીના પગલાની સાથે એક સપ્તાહમાં હું એક વખત કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરું છું." એક વખત સાંભળવાની ક્ષતિને ઓળખવામાં આવે તો તેને શક્ય એટલું જલ્દી અને યોગ્ય રીતે સારવાર કરી શકાય, જેથી કોઈ વિપરિત અસરને ઓછી કરી શકાય. હિયરિંગ ટેકનોલોજીનો ઉપયોગ, જેવા કે કોક્લિયર ઈમ્પ્લાન્ટ્સ પણ લાભદાયી છે અને તેનાથી કોઈપણ વ્યક્તિ માટે સામાન્ય જીવન જીવવાની ક્ષમતા ઉભી થઈ શકે છે.

ઈ-રી-ટેન્ડર જાહેર નિવિદા
વર્ષ-૨૦૨૧-૨૦૨૨
ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી.
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી. દ્વારા નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કરવાના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટે.નં.	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
GSCDL-Infra-02 /2021-22	PROJECT MANAGEMENT CONSULTANT (PMC) for the Project of "Construction of Vahicular underpasses at Sector 21/22 across 'CH' Underpass and Sector 22/23 across 'GH' Underpass in Gandhinagar	૯૦૦/-	૧૮,૭૯૦/-

ટેન્ડર ફોર્મ તા. ૪/૬/૨૦૨૧ થી તા. ૨૪/૬/૨૦૨૧ સુધી સમય ૧૬:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેકટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી ઈ.એમ.ડી.ની રકમ FDR સ્વરૂપે CEO, Gandhinagar Smart City Development Ltd.ના નામે તા. ૧/૭/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ ઓફર ઓપનીંગ તા. ૧/૭/૨૦૨૧ના રોજ ૧૭-૩૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તા. : — સી.ઈ.ઓ.
માહિતી/૩૧૫/૨૦૨૧-૨૨ — ગાંધીનગર સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લિમિટેડ